સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

તંત્ર અને બિલ્ડરો વચ્ચે મિલીભગત રંધાય છે,
ખાનગી સંબંધમાં થતી લેતી-દેતી ગંધાય છે!
દટાય જીવન સુખશાંતિના પરમધામમાં -
જવાળામુખીની છાત્રી પર સોસાયટી સમર્જાય છે...
(કલોલ-સોસાયટીમાં બ્લાસ્ટ)

હાઈકુ

થશે તપાસ!
મકાન માલિક જ
થશે દોષિત!!

સાચા ન્યાયની -
અંધેરી નગરીમાં -
આશા નકામી

ચિંતન

ज्ञात्वा देवं सर्वपाशापहानिः ।
क्षीणैः क्लेशैः जन्ममृत्यु प्रहाणि ॥

ઉપરોક્ત શ્લોક શ્વેતાશ્વતર ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

દેવને - પરમાત્માને જાણીને સર્વ બંધનો છૂટી જાય છે. અને કલેશો ક્ષીણ થતાં જન્મ-મૃત્યુ પણ રહેતાં નથી.

સંત જ્ઞાનેશ્વરે ચૌદસો વર્ષ પહેલાં તેમના બહેનને કહ્યું હતું, 'શરીરમાં આસક્ત થવા જેવું અને અહંતા કરવા જેવું કાંઈ નથી. ઘરમાં જેમ જુદાં જુદાં બારીબારણાં તૈયાર કરાય છે, તેમ આ દેવ પણ જુદા જુદા પદાર્થો અને આકારોનો થયેલો છે. તેમાં રહેલાં પરમાત્માની ઝાંખી કરવામાં આવે તો શોક અને મોહ દૂર થાય છે, આનંદ પ્રાપ્ત થાય છે અને મુક્તિ મળે છે.'

સુવિચાર

- જરુરતોં ઔર ચાહતોં મેં ફર્ક હૈ બડા, તાલમેલ બિઠાતે બિઠાતે ગુજર જાતી હૈ જિંદગી - **સુરેન્દ્ર મહંત**
- સારા અંતર્મુખી (આંતરિક શોધ કરનાર) થયા વિના, જગતમાં સારા વિચારક થવું મુશ્કેલ છે - **આર જી. ઇંગરસોલ**
- અન્ય પર વિજય મેળવનાર બળવાન છે, સ્વયં પર વિજય પ્રાપ્ત કરનારા ભીષ્મ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્ય માટે સાહસ કરો, અસત્યનો કોઈ ઉપયોગ નથી, જે ભૂલને સત્યની સૌથી વધુ જરૂર છે, એ અસત્યથી બેવડાય છે - **હર્બટ**
- હે ઈશ્વર, મારી સદૈવ એક જ પ્રાર્થના છે કે 'હું આત્માથી સુંદર બનું છું' - **સોક્રેટિસ**
- ઝાકળ અને પ્રકાશ વિના પુરુષ કરમાઈ જાય છે, દયાં અને પ્રેમ માનવ હૃદયનાં ઝાકળ અને પ્રકાશ છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : નાના બાળકોને સૂંઠ અને કાળા મરીનો પાઉડરમાં લીંબુ રસ મેળવી ચમટી, ચટાડવાથી હેડકી બંધ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બે મિત્રો એક જયોતિષી પાસે પોતાનું ભાવિ જાણવા આવ્યા. જયોતિષી જ્ઞાની હતા. તેમણે કહ્યું, 'એક મહીના પછી એક ને ફાંસી મળશે અને એક ને રાજા બનવાનું મળશે.'

પછી જેને ફાંસી મળવાની હતી તેણે પુણ્યકર્મો કરવાનાં શરૂ કરી દીધા. એક મહિના પછી તેને ફાંસી થઈ નહીં પણ તેને પગમાં એક કાંટો વાગી ગયો.

જેને રાજા બનવાનું કહેવામાં આવ્યું હતું. તે અહંકારમાં આવી જઈ જાતજાતના કુકર્મો કરવા લાગી ગયો. એક મહિના પછી તે રાજા તો ના બન્યો પણ તેને રસ્તામાંથી એક સોનામહોર મળી.

મહિનો વિત્યા પછી બંને પાછા જયોતિષી પાસે ગયા અને ફરિયાદ કરી, 'મહારાજ, આપની ભવિષ્યવાણી સાચી પડી નથી.' જયોતિષિએ આંખો બંધ કરી, બે મિનિટ ધ્યાન કર્યું અને કહ્યું, 'જે રાજા બનવાનો હતો તે પાપ કરવા લાગ્યો હશે, જેથી તેને બહુ અલ્પ લાભ મળ્યો હશે. અને જેને ફાંસી મળવાની હતી તે સદ્કાર્યો કર્યા કરતો હશે, જેથી ભવિષ્યવાણીમાં વધઘટ થઈ છે.'

બંને મિત્રો મરક મરક હસીને પાછાં ફર્યા.

લોકસંતો સાચા સંસ્કૃતિ રક્ષકો છે

તંત્રીસ્થાનેથી...

બ્રહ્મલીન થયેલા તરબની વાળીનાથ ગાદીના મહંત બળદેવગિરિ બાપુએ બાર વર્ષની વયે મહંદપદ સ્વીકારી સળંગ અઠ્યાશી વર્ષ સુધી ગાદી શોભાવી અને પૂર્ણ આયુષ્ય પામી એકસો એક વર્ષે વિદાય થયા. રબારી સમાજની આગવી ધર્મપીઠોમાં દૂધરેજ વડવાળા તીર્થની લગોલગ વીસનગર નજીક રૂપેણ કાંઠે વસેલ તરભ ગામની આ ધર્મપીઠનો મહિમા છે. બળદેવગિરિજીની સેવાઓ માત્ર રબારી સમાજ પૂરતી મર્યાદિત ન રહેતાં સમસ્ત માનવજાતને આવરી લેતી રહી છે. તરભની લઈ દ્વારકા સુધી અને જયાં જયાં કુંભમેળા યોજાય છે ત્યાં સુધી એમની સીધી કે આડકતરી હાજરી વરતાતી રહી છે. એક વિશિષ્ટ પરંપરાવાળા સમાજના પ્રતિનિધિ સંત તરીકે એમને જગદગુરુ શંકરાચાર્ય સુધીના સનાતન સંતો આવકારતા રહ્યા છે અને પોતે અકિંચન સાધુની જીવનશૈલી ધરાવતા બાપુ લાખો-કરોડોનાં દાન માટેની પ્રેરણા બનતા રહ્યા. એમનું સૌથી મહત્ત્વનું કામ અભણ રબારી સમાજની નવી પેઢીને સુશિક્ષિત કરી ઉચ્ચત્તર વર્ગોની હરોળમાં લાવવાનું ગણી શકાય. જયાં સાવ અંધારું હતું એવા રબારીઓના નેસડામાં કેળવણીનાં અજવાળાં પાથરી આ લોક સંતે કોઈ મોટો નેતા પણ ન કરી શકે એવડું ગંજાવર સેવા કાર્ય કર્યું છે. સરખાવવા હોય તો એમને પૂ. રવિશંકર મહારાજ સાથે સરખાવી શકાય. એ બહુ જ ઓછું બોલતા અને એમના કામને જ બોલતા દેતા. બાળ સંન્યાસી હતા અને મોક્ષમાર્ગી પણ ખરા, પરંતુ સ્વામી વિવેકાનંદની જેમ એમણે પહેલી ચિંતા ભૂખ્યાને રોટલો મળે અને અભણને અક્ષરજ્ઞાન મળે એવી કરી. એવી જ વ્યવસ્થા એમણે આરોગ્યક્ષેત્રે પણ ઊભી કરી. એમના આ પાયાના સેવાકાર્યનું સરખું દસ્તાવેજીકરણ થવું જોઈએ અને એક આદર્શ લોકસંત સ્વરુપે એમનું મૂલ્યાંકન થવું જોઈએ. આવા લોકસંતો જ સાચા સંસ્કૃતિ રક્ષકો છે. એ જ પેલી ચિરંતન ઋષિ પરંપરાની અખંત જયોત જલતી રાખે છે. ભારતની અસલી ઓળખ એનું અધ્યાત્મ છે. પંડિતોએ એને ગ્રંથોમાં કેદ કરી દીધું છે. જયારે ઠેકઠેકાણે આવા સંતો તેને લોકબોલીમાં અને પોતાના વિશુદ્ધ આચરણ દ્વારા છેવાડાના માનવી સુધી પહોંચાડતા રહ્યા છે. આ સંત પરંપરાના વિવિધ ફાંટા અંતે તો ગંગાને મળતી નાની મોટી નદીઓની જેમ ઉપનિષદ અને વેદના ઋષિની વાણીમાં જ જઈને વિલીન થાય છે. ઝાંઝરકાની ગાદીના બળદેવદાસ બાપુ હોય કે તરભની રબારી ધર્મપીઠની ભલદેવગિરિ બાપુ હોય, સંત જલારામબાપા હોય - અંતે તો બધા માનવમૂલ્યોનો જ બોધ કરતા રહ્યા છે અને મોરારિ બાપુની જેમ સત્ય, પ્રેમ, કરુણાની ત્રિવેદી વહાવતા રહ્યા છે. કચ્છની ધીંગી ધરાને મેકરણ દાદા અને હાજીપીર જેવા સંતો પકવ્યા, બહારવટિયાંથી સંત અને પીટ કોટિએ પહોંચેલ જેસલમેર આપ્યા. જેસલમેર પાસેના રામદેવરા (રણુજા)ના રાજા રામદેવપીર તો જનસાધારણની આસ્થાનું પ્રતીક બની ચૂકયા છે. સૌરાષ્ટ્ર સંતો - મહંતોની ભૂમિ છે. સંતોને અંગત ઈજ્જત આબરૂ કે માનપાન કરતાં લોકકલ્યાણની ખેવતા હોય છે. એ તો ગંગાસતીની જેમ વીજળીના ચમકારે મોતી પરોવી લઈ આત્મકલ્યાણ કરી લેતા હોય છે. પરંતુ આત્મકલ્યાણની સાથે લોકકલ્યાણની ખેવના કરનાર લોકસંતો એમની હયાતી પછી પણ સદીઓ લગી પ્રસ્તુત રહે છે. નાથ પરંપરા કે પાટ પરંપરાના સંતોમાં જ્ઞાતિભેદ પણ નથી રહેતો. રોહીદાસ (રવિદાસ) ચમાર હતા છતાં મીરાંબાઈએ ગુરુ બનાવ્યા હતા. આજે પણ લોકસંતો એમને મળેલ સંસ્કાર વારસાનો અખંડ દીવો પ્રજવલિત રાખી રહ્યા છે. સ્વામી સચ્ચિદાનંદ તો કાશી જઈને વેદ ભણી આવ્યા છે, છતાં એક અદના લોકસંતની જેમ તેઓ જૈફ વયે પણ લોકચિંતન કરતા રહે છે. આવા પૂજયવાદ સંતોના આશીર્વાદ થકી ગુજરાત રળિયાત છે.

પ્રેમમાં હોવું એ જીવનની અદ્ભુત ઘટના છે

આરપાર
રાઘવજી માધડ

વાતમાં ધ્યાન દીધું નહીં.પણ કહેવું હતું: 'દરરોજ સેલફોન ઉપદેશાત્મક મેસેજથી છલકાવા લાગે છે.વાંચવાનું એક બાજુ રહે,સફાઇ કરવામાં સમય જાય છે!' પછી આગળ વધીને કહ્યું: 'આપણી કલ્પનામાં ન હોય એવા વાર-તહેવાર શોધીને શુભેચ્છાઓ પાઠવે!' પણ આમેસેજ મોકલનારા ખુદ વાંચતા હશે ખરા !

પણ 'હેપી ક્રિસમસ'ની શુભેચ્છાઓ હંમેશા ગમી છે.પ્રેમ અને કરુણાનો પૃથ્વી પર પૈગામ પ્રસાવ નાર પ્રભુ ઈસુનો સંદેશ હતો જાત ને ચાહો, પાડોશીને પણ પ્રેમ કરો!વાસ્તવમાં આવું હોય, બને...તો,પૃથ્વી પણ સામાજિક સ્વર્ગનો દરજ્જો પામે ! ક્યાંક આવું ન હોવાના સાચા-ખોટા કારણો હશે પણ.. પહેલો સગો પાડોશી એ પણ એટલું જ સત્ય છે.પાડોશી બાબતે અમો સદનસીબ રહ્યાના કારણો ને તારણો શોધવા જવા પડે એવું નથી. પાડોશી પ્રત્યે વાણી,વર્તનને વ્યવહાર હંમેશા એક ને નેક રાખ્યાનો આ પુરસ્કાર હોઈ શકે !

પ્રેમ પરમતત્વ છે. પરમાત્માસ્વરૂપ છે. પ્રેમ સ્વયં એક પુરસ્કાર છે. પ્રેમમાં હોવું એ જીવનની અદભુત ઘટના છે.માણસની દ્રષ્ટિને સૃષ્ટિ સાથે જીવનને જગત બદલાઈ જાય છે.તેને દરેક બાબત અનેરીને અનોખી તેમજ સઘળું સારું ને પ્યારું લાગે છે. હા, અહીં પ્રેમ એટલે ઈસુએ વરસાવેલ ને પરસાવેલ સ્નેહ,વાત્સલ્યની વાત છે.માનવમાત્રમાં પ્રેમતત્વ આવિર્ભાવ પામે, અંતે તો મોબાઈલ પરના મેસેજની આવી જ મંછા હશેને !

અંગ્રેજીમાં નેબર-પાડોશીનો ગુજરાતીમાં માનવબંધુ અર્થ કરેલ છે. જે વ્યાપક અર્થમાં પ્રયોજાયેલો છે. ઈસુને એક શાસ્ત્રીએ પૂછ્યું હતું: 'સૌથી મોટી આજ્ઞા કઈ છે?' તેના જવાબમાં કહ્યું હતું: 'સૌથી પહેલા આજ્ઞા, તમારે પરમેશ્વર ઉપર પૂરા હૃદયથી,પૂરા જીવથી,પૂરા મનથી અને પૂરી શક્તિથી પ્રેમ રાખવો. 'બીજી આજ્ઞા તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો જ પ્રેમ રાખવો. કારણ કે જે જાતને ચાહી શકે તે જગતને ચાહી શકે, પ્રેમ પ્રગટ કરી શકે. હૃદયમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થાપિત થાયતો અનેક અનિષ્ઠ અળગા રહે !

એક સમયે સંદેશવાહક તરીકે પોસ્ટકાર્ડનો ઉપયોગ થતો હતો.સુંદર, રંગીન ચિત્રાંકન વાળું પોસ્ટકાર્ડ પામી અનહદ આનંદ થતો.જે લખવામાં આવતું હતું તે ઉછી-ઉધારા કરેલું નહીં પણ પોતીકું હતું. વળી તેમાં લાગણીની સ્યાહીથી લીંપાયેલા એ અક્ષરો હતા.ખરા અર્થમાં અક્ષરો શુભેચ્છાના પાર્ષદ જેવા પ્રેમાળ ને સંરક્ષક જેવા લાગતા હતા.અને પોસ્ટકાર્ડમાં લખવામાં પણ ઓળઘોળ થઇ જવાતું હતું. સર્જનકર્મનો આનંદ આવતો હતો.આજે આ વર્ચ્યુલ મેસેજથી મઝા આવવાના બદલે સજા જેવું લાગે છે.હા,એનો અર્થ એ નથી કે જૂનું હતું તે સારું હતું અને નવું નબળું છે. હા, સમય પ્રમાણે સારા-નરસાનો સ્વીકાર કરવો રહ્યો.

વહેલી આવી ચઢેલી ઠંડી ગાત્રો ગાળી નાખે અથવાતો હાજા ગગડાવી દે તેવી છે.ભલભલાને ધ્રુજા વી રહી છે.પાટનગરનો પારો હંમેશા ઉંચે રહે તેના બદલે દસની અંદર પણ બસ કરતો નથી.ક્યાં અટકશે એ કહેવાય એવું નથી.પ્રકૃત્તિના હાથમાં છે.પ્રકૃત્તિને પોતીકા નિયમો હોય છે.તેને અહીંના આદેશ લાગુ પડતા હોતા નથી.પણ કોરોનાકાળની મહામારી વચ્ચે સાદાઈ સાથે નિરાંતથી નાતાલ પસાર થઇગઈ તેનો આપણે સૌ રાજીપો લેવો કરવો રહ્યો.જયારે ઈસુની છાતી પર ખીલા થોકાયા ત્યારે કહ્યું હતું:'તે શું કરી રહ્યા છે તેનું તેને ભાન નથી,માફ કરજો...લ્લનાતાલ નિમિતે જે ન બનવું જોઈએ તે બનતું હતું ત્યારે પ્રભુ આ શબ્દો,આ વાણી જ વહેતી હશે:તેને માફ કરજો.કારણ કે તેઓ શું કરે છે તેની તેને ખબર નથી.પણ આ વેળાની ઉજવણીમાં સાદગી જોઈ,જાણી કારુણ્યમૂર્તિના દિલમાં એટલો જ રાજીપો પ્રગટ્યો હશે ! નજીવા દિવસો જૂનું વરસ જશે તેમાં વીસ વીસના બે અંક, ૨૦૨૦માં એક ઉમેરશો...૨૦૨૧ જે નવી આશા-ઉમંગ સાથે પ્રગટશે...આપ સૌને લાખેણી શુભેચ્છાઓ !

છેલ્લે :

વર્તમાનને એવી રીતે વાપરો, તેમાં એવી રીતે જીવો...જેથી ભૂતકાળનો પસ્તાવો ન થાય અને ભવિષ્યની ચિંતા ન સતાવે !

ગાંધીનગરમાં કોરોનાનું આંતરરાષ્ટ્રીય મહાસંમેલન યોજાયું

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

હમણા થોડા દિવસો પહેલા ગાંધીનગરમાં કોરોનાનું આંતરરાષ્ટ્રીય મહાસંમેલન યોજાયેલું. જેમાં દેશ વિદેશના કરોડો લોકોને સંક્રમિત કરીને અનેક કોરોના હાજર રહ્યા હતા. બધાનો મુદ્દો હતો કે ગાંધીનગરમાં નેતાઓ, અધિકારીઓ, સાહિત્યકારો, પત્રકારો, વેપારીઓ કે સામાન્ય લોકો પણ આપણાથી ડરતા નથી. આપણી આટલી મોટી સેના અહીં હોવા છતાંય આ ગાંધીનગરા બેફિકરા બનીને બિંદાસ્તથી શહેરમાં ફર્યા કરે છે. સામાન્ય જિંદગી જીવવા લાગ્યા છે તો ગાંધીનગરમાં આપણો ડર હોવો જરૂરી છે. આ ડર કંઈ રીતે ફેલાવવો ? આ સંદર્ભે તમામ ખૂંખાર કોરોનાઓ ભેગા થઈ ચર્ચાઓ કરી રહ્યા હતા.

સૌથી પહેલા ફ્રાંસથી આવેલા કોરોનાએ કહ્યું — "આપણે અહીનાં મુખ્યમંત્રીને જ સંક્રમિત કરીએ તો બધા ડરશે." ત્યાં બીજો ઈટાલીથી આવેલ કોરોના કહે, "ના,ના, સી.એમ. ભલા માણસ છે. વળી સતત સિક્યુરીટીમાં રહે છે. આપણે એમને થઈશું તો વળી એ ચૌદ દિવસ કોરોન્ટાઈન થઈ જશે. તો આપણે ફેલાઈશું કંઈ રીતે ? " બધા કહે, હા, એ વાત સાચી છે. ત્યાં તો વચ્ચેથી એક કોરોના જોરથી બોલ્યો," ગાંધીનગરમાં એક વ્યક્તિ છે જે સતત ફર્યા કરે છે. જો એને થઈશું તો એમને ખબર પડે એ પહેલા આપણે અડધા ગાંધીનગરમાં ફેલાઈ ચૂક્યા હોઈશું. " એવી વ્યક્તિ કોણ છે વળી ? બીજા એક કોરોનાએ પૂછ્યું. "

"અરે, આ વ્યક્તિ ગાંધીનગરની રણવીર સીંગ છે. ઊર્મિ, ઉત્સાહ ને ઊર્જાથી ભરપુર છે. કોઈપણ દૈનિક અખબાર કરતા એનો ફેલાવો વધારે છે. સવારે ઘરમાં અખબાર પહોંચે એ પહેલા એમના મેસેજ ફેસબૂક દ્વારા લોકો પાસે પહોંચી જાય છે. અને પ્રસિદ્ધિની કે ફેલાવાની બાબતમાં જેમ ભારતમાં નરેન્દ્ર મોદી શ્રેષ્ઠ છે તેમ ગાંધીનગરમાં આ વ્યક્તિ શ્રેષ્ઠ છે. જો એમને આપણે થઈએ તો આપણું પણ ગૌરવ વધશે અને અખબારોમાં અને સોશિયલ મીડિયામાં ય આપણને પ્રસિદ્ધિ મળશે." "પણ એની સિક્યુરીટી હશે તો આપણે કેવી રીતે ? એક કોરોનાએ શંકા વ્યક્ત કરી. "અરે દોસ્તો, આપણા માટે ખુશીની વાત એ છે કે આ વ્યક્તિને કોઈ સિક્યુરીટી નથી. એ ગમે ત્યારે, ગમે ત્યાં હોઈ શકે છે. એના વિશે કોઈ ધારણા જ ના થઈ શકે, ઘણીવખત તો એ સવારની પ્રાતઃક્રિયા પણ ફેસબૂક ઉપર કરી લે છે. બોલો "

"હે ? શું વાત કરો છો ? પ્રાતઃ ક્રિયા ફેસબૂક ઉપર ? એ કેવી રીતે ? એક કોરોના તો આ વાત સાંભળીને મૂર્છિત થઈ ગયો." હા,હા, આ પ્રાતઃક્રિયા ફેસબૂક ઉપર થાય તો જ બાથરૂમમાં સારા વિચારો આવે છે અને પછી લેખો લખે છે. "બીજા એક કોરોનાએ સમજાવ્યું. " એ શું લેખો યે લખે છે ? એ સાહિત્યકાર છે ? તો તો એને આપણે ના થવાય, આપણો જીવ જોખમમાં પડી જાય યાર " એક કોરોનાએ ડરીને કહ્યું." અરે, ના,ના, તું એવી ચિંતા ના કર, એ વ્યક્તિ એવડીમોટી સાહિત્યકાર નથી, બહું ચિંતા કરવા જેવું નથી. આપણે એને થઈએ.તો વાંધો નહીં આવે " ત્યાં તો વચ્ચે એક અમેરિકન કોરોના ઊભો થઈને બોલ્યો." હા મિત્રો, આ વ્યક્તિને હું પણ ઓળખું છું. હું એને બે વખત થતા થતા રહી ગયો છું. ગાંધીનગરમાં કોઈપણ અખબારના તંત્રી પછી સૌથી વધુ આ વ્યક્તિનું નામ અખબારોમાં છપાય છે. એમને છીંક આવે તો પણ એ અખબારમાં પ્રેસનોટ આપે છે. એટલે જો આપણે થઈશું તો ચૌદેચૌદે દિવસ છાપાઓમાં આપણા નામ આવશે. તો દોસ્તો, તમે જ વિચારો, આ કેવડા મોટા સાહિત્યકાર હશે ? "ત્યાં વચ્ચેથી એક તાજોમાજો કોરોના બોલ્યો." એવું જરૂરી નથી કે સાહિત્યકારનું નામ જ છપાતું હોય, આ ભાઈ તો સામાજિક, રાજકીય, ભાષાકીય, ... તમામ પ્રકારના 'કીય' અને 'ઈય' એમને લાગું પડે છે." ત્યાં તો બે ચાર કોરોનાના મોંમાંથી "હેં... હેં ... હેં... " થઈ ગયું ને બેચાર ફરીથી બેભાન થઈ ગયા. આ જોઈને બીજો એક યુવાન કોરોના ઊભો થઈને બોલ્યો, " તો આપણે આ અખબારનાં તંત્રીને જ થઈએ તો ? " ત્યાં તો બધાએ વિરોધ કર્યો કે " ના,ના, એ બહુ ભલા માણસ છે, તેઓ ગાંધીનગરમાં રહેતા હોવા છતાંય કોઈ ગાંડાને ગાંડો અને કોઈ કાણાને કાણો કહેતા નથી, એમણે જ ઘણા બધાને કૉલમો આપી આપીને સાહિત્યકારો બનાવ્યા છે. તેથી એમને ના થવાય " ત્યાં પાછળથી એક કોરોના બોલ્યો. " તો પછી આ લેખ લખનાર કવિને જ થઈએ, એ પોતાની જાતને મહાન સાહિત્યકાર સમજે છે. અને ઘણીવખત ના પ્રગટ કરવા જેવું સત્ય પ્રગટ કરી દે છે. એ હમણાથી બહું હવામાં ફરે છે " ત્યાં તો ઉત્સાહમાં આવીને બે ચાર બાળ કોરોના બોલ્યા, અમે હજી સુધી કોઈને નથી થયા, તો આ કવિને અમે થઈશું. આગળની હરોળમાં બેઠેલા બે ચાર ડાહ્યા કોરોનાએ બધાને રોકીને કહ્યું " એમ ઉતાવળા ના થાવ, એ કવિ સત્ય લખે છે. તે જરૂરી છે. એ સમાજસેવાનું કામ છે. ત્યાં તો બે ત્રણ કોરોના ગુસ્સામાં એકદમ ઊભા થઈને બોલ્યા, " શું ધૂળ સમાજસેવા કરે છે ? એણે તો આપણી વિરુદ્ધમાં યે કેટલાયે લેખો લખીને છપાવ્યા છે અને વિડીઓ ફેસબૂક ઉપર મૂક્યા છે એને તો પહેલા થવું જ જોઈએ " વળી એક વડિલ અને સમજુ કોરોનાએ બધાને સમજાવ્યા કે એ કવિ તો બહાર નીકળે એટલે સતત માસ્ક પહેરે છે. અને મોટેભાગે હૉમ ક્વોરન્ટાઈન જ રહે છે. એને થઈશું તો ફેલાવા નહીં મળે " ત્યારે બધા કોરોના શાંત થયા. " તો પછી આપણે ફેલાઈશું કેવી રીતે ? " મિત્રો, આપણે એવી વ્યક્તિ જોઈએ કે જે જાહેર જીવન જીવતી હોય, સામાજિક કાર્યકર હોય, રાજકારણીઓ, નેતાઓ, ડોકટરો, એન્જિનીયરો, સી.એ., પોલીસ, વકિલ, વેપારી, ઉદ્યોગપતિઓ, શિક્ષકો, મહિલાઓ, વિદ્યાર્થિઓ, ગરીબો, અમીરો સૌ કોઈ એમને ઓળખતું હોય, આવી વ્યક્તિથી આપણું સંક્રમણ ખૂબ વધશે મિત્રો," / "હા, હા, તમારી વાત સાથે અમે સહમત છીએ." સૌ કોરોના એકસાથે બોલી ઊઠ્યા. આપણે એવી વ્યક્તિ શોધવી જોઈએ કે જે બધા ક્ષેત્રોમાં વિહરતી હોય, ઘણીબધી સંસ્થાઓમાં હોદ્દેદાર હોય, સરકારમાં વગદાર હોય, સમાજમાં વજનદાર હોય, જુદી જુદી કલાઓમાં કલાદાર હોય, બોલવામાં અસરદાર હોય, મહિલાઓમાં પ્રિય હોય,એવી વ્યક્તિને થઈએ તો જ આપણો વ્યાપ ને વિસ્તાર થશે. આવી વ્યક્તિ કોઈના ધ્યાનમાં હોય તો કહો. ત્યાં પાછળથી એક જાડો અને મોટો કોરોના બોલ્યો. " એવી વ્યક્તિને હું ઓળખું છું, એ ગુજરાતી નથી પણ સવાઈ ગુજરાતી છે એને થઈશું એટલે આખા ગાંધીનગરમાં રાતોરાત કોરોના કોરોના થઈ જશે. લોકો આપણાથી ડરતા થઈ જશે." ત્યાં ત્રીજો કોરોના બોલ્યો — " પણ આ વ્યક્તિને થવામાં એક જોખમ છે હો ? એ આપણને છાપે ચડાવશે, એ વાતવાતમાં સોશિયલ મીડિયા ઉપર જાય છે. આજસુધી દુનિયાના કોઈ વૈજ્ઞાનિક આપણો ફોટો પાડી શક્યા નથી પણ આ વ્યક્તિ આપણો ફોટો પાડીને એની સાથે ફેસબૂક ઉપર મૂકશે તો બધા લોકો આપણને ઓળખતા થઈ જશે." "અરે, આખી દુનિયા આપણને ઓળખે જ છે ને ? એમાં ડરવાનું શું ? " ત્યાં તો એક વિકરાળ કોરોના ક્રોધથી બોલ્યો "આપણે કોરોના છીએ કારેલું નથી કે લોકો આપણને વઘારીને ખાઈ જાય, હું અત્યાર સુધીમાં એક સોથી વધારે લોકોના જીવ લઈ ચૂક્યો છું. સમજ્યા, ડરો નહીં આગળ વધો ને બધાને સંક્રમિત કરો" "હા,હા એ સાચું કહે છે, ડરવાનું આપણે નહીં માણસોએ છે. આપણે તો કોરોના છીએ./ પણ તમે કહો છો એ વ્યક્તિને આપણે થઈશું તો એને તમામ ડૉકટર્સ મિત્રો છે, એની સારવારમાં આપણને પણ જોખમ છે " બીજા એક કોરોનાએ શંકા વ્યક્ત કરી. " તમે ચિંતા ના કરો, એને ખબર પડશે એ પહેલા એના દ્વારા આપણે અનેક લોકોના ઘરમાં પહોંચી ચૂક્યા હોઈશું. અને ટેસ્ટ કરાવ્યા પછી જો ડોકટરો બહું વધુ પડતી દવાઓ કરશે તો એકાદ ડોકટરને પણ ઝપટમાં લઈ લેશું."

"હા, હા, હમણાથી ડોકટરોની પણ દાદાગીરી વધી છે. આપણે માણસોને માર્યા એના કરતા અનેક ગણા આપણા કોરોના ભાઈ બહેનો પણ શહીદ થયા છે." એક કોરોના બોલ્યો. "તો મિત્રો, આપણે સર્વાનુમત્તે નક્કી કરીએ કે બધા એક સાથે એ ખાસ વ્યક્તિ ઉપર એટેક કરીને એને સંક્રમિત કરવો" એક ટીખળી કોરોનાએ ઊભા થઈને કહ્યું, "એમાં સર્વાનુમતની ક્યાં જરૂર છે, પાંચ કોરોના હશે તો પણ ચાલશે, એ વ્યક્તિ બહું સરળ છે, એને સર્વાનુમતની જરૂર નથી. પાંચ શું, એકાદ કોરોના હશે તો પણ ચાલશે, એ તરત જ આપણું સંક્રમણ સ્વીકારી લેશે, કોરોનાગ્રસ્ત થઈ જશે, એમાં સૌની સહમતિની જરૂર નથી." ત્યાં બીજો એક કોરોના બબડ્યો " આ તો અમારા બધાનું અપમાન કહેવાય હો ? " " પણ એ વ્યક્તિ તો માન અપમાનથી યે પર છે, એકાદ મોટો કોરોના જઈને એને હાર પહેરાવી સંક્રમિત કરી દેશે તો પણ ચાલશે " આ વાત સાંભળી બીજા એક કોરોનાએ ટીખળ કરી " એમને હાર પહેરવાનો બહું શોખ લાગે છે.?" ત્યા ત્રીજાએ ટીખળ કરતા કહ્યું — આ ગાંધીનગર છે, અહીં ઘણા લોકો ઘણા પ્રકારના હાર પહેરીને ફરે છે અને લાઈનમાં ઊભા છે " આવી ટીખળો સાંભળીને એક વિદ્વાન કોરોના ગુસ્સે થઈને બોલ્યો — બસ, બંધ કરો આ બકવાસ, ગાંધીનગરની હવા પીને તમારું કોરોનાપણું પણ દુષિત થઈ ગયું છે. આ મજાકનો સમય નથી, સમજ્યા ? " " પણ એ લોકો મજાક કરે એનું કાંઈ નહીં ? સમાજસેવા, રાજનીતિ, સાહિત્યને નામે ગમે તે ચલાવે એનું કાંઈ નહીં ? " એક યુવાન કોરોના બોલ્યો.

" ના, એ માનવીઓ છે, અને પાછા ગાંધીનગરમાં રહે છે, એ ગમે તે કરે તો ચાલે, આપણે એમના જેવું નહીં થવાનું સમજ્યા ? ટીખળ બંધ કરો અને મારી વાત ધ્યાનથી સાંભળો, દરેક કોરોના દસ દસ કોરોનાની ટીમ લઈને આખા ગાંધીનગરના બધા જ સેકટરોમાં, શોપિંગ સેન્ટરોમાં, શાકભાજીની લારીઓમાં, પાન-માવાના ગલ્લે, ઓફિસોની ફાઈલોમાં, દૂધની થેલીઓમાં, અનાજ-કરિયાણામાં, પાણીપુરી-ખાણીપીણીની લારીઓમાં ફેલાઈ જાવ. મારે આવનારા બે ચાર દિવસોમાં અનેક મૃત્યુ જોઈએ, મારે ઉપર યમરાજને હિસાબ આપવાનો છે. સમજ્યા ? જાવ તૂટી પડો."

"હા, હા, હવે તો આ માનવીઓને આપણું કોરોનાપણું બતાવવું જ પડશે. " અને બધા કોરોના પોતપોતાના કામે વળગી પડ્યા.

9426060601.india@gmail.com

વેલકમ ઉમ્મીદોવાલા 'ઈકકીસ'!

રંગોળપાટ
અજય ઉપાધ્યાય

૨૦૨૦ ની વિદાયને હવે ચંદ દિન બાકી છે.... ૨૦૨૦ ને એક ખરાબ સ્વપ્ન ગણીને હું ને તમે બધા જ ભૂલી જવા તૈયાર છીએ અને નવી આશાઓ - ઉમંગો અને ઉમ્મીદોથી ૨૦૨૧ ને આવકારવા તૈયાર છીએ. ૨૦૧૯ ના ડિસેમ્બરના આવા જ કઈક આખરી દિવસોએ અનેક ઉમંગો અને આશાઓ સાથે ૨૦૨૦ ને વેલકમ કરેલું પણ કોને ખબર હતી કે આ વેલકમ બહુ જલ્દીથી 'પ્લીઝ ગો સુન ' માં ફેરવાઈ જવાનું હતું. ખેર, બીત ગઈ સો બાત ગઈ ' ગણગણતા વી ધ પીપલ ૨૦૨૦ ને લીટરલી ધક્કો મારવા ઉત્સુક છીએ અને એક જ આશા છે કે ૨૦૨૧ આવું ના નીકળે. જો કે ભવિષ્યમાં શું છે એનો આપણને અંદેશો મળી જતો હોત તો શું હોત હે ? ૨૦૨૦ ની સાથે સાથે વીસમી સદીનો બીજો દશકો પણ ખતમ થવા જઈ રહ્યો છે અને વીસમી સદીના આ બે દશકમાં આપણે દુનિયાને ઘણી બદલતી જોઈ. એકબાજુ દુનિયા ડિઝીટલી અને ઈકોનોમિકલી બદલી રહી છે તો સાથે સાથે કોરોનાને લીધે દુનિયામાં સામાજીક પરિવર્તનો પણ આવ્યા છે એવામાં આવનારું વર્ષ દેશ અને દુનિયા માટે બહુ બધી અચ્છી ખબરો લઈને આવે એ જ તો આપણાં સૌની ઉમ્મીદ રહેવાની.

સરકાર માટે ૨૦૨૧ની સૌથી મોટી ચેલેન્જ તો દેશમાં કોરોના વેક્સિનેશનની જ રહેવાની પણ એની સાથે સાથે જેમ અનેકો અર્થનિષ્ણાતોએ ભય વ્યક્ત કર્યો છે તે સંભવિત આર્થિક મંદી સામે લડવાની પણ રહેવાની. કોરોનાને લીધે થયેલા આર્થિક નુકશાનમાથી દેશને અમુક અંશે સ્ટેબલ કરવાની આકરી જદ્દોજહેદ સરકારની ૨૦૨૧ની પ્રાથમિકતા રહેવાની. દેશમાં બેરોજગારી ઓછી થાય એવા પગલાં લેવાની સાથે સાથે વ્યાપાર અને નારાઝ કિસાનોની સ્થિતિ વધુ સારી કરવાની ચેલેન્જ પણ રહેશે જ. રાજકીય ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટી માટે ૨૦૨૧ ખાસ રહેવાની કેમકે આસામ, કેરલ, તામિલનાડુ, પૉંડેચરી અને મચ હાયપ્ડ વેસ્ટ બેંગાલની ચૂંટણી આ સાલમાં જ આવશે અને ભાજપ ડેફીનેટલી સાઉથ અને બંગાળમાં બહેતર પ્રદર્શન કરીને પોતાની પકડ વધુ મજબૂત કરવાની કોશીશો કરશે. કરશે શું કામ ? શાહ — નડ્ડા એન્ડ કૂ. દ્વારા બંગાળમાં તો ઓલરેડી બ્યૂગલ